અપીલ અરજી નં.૨૪૫ તા.૨૬–૧૧–૦૮/૦૯

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૭–૧૦–૦૮ ની અરજીથી જાહેર આરોગ્યના હિતાર્થે મહાનગરપાલિકાને હાઈકોર્ટમાંથી આવેલ ચુકાદા પહેલાં તાજેતરમાં કોર્પોરેશને ગેરકાયદે પાણીનો વેપાર કરતી સંસ્થાઓને મારેલ સીલ બાબતે તેમજ હાઈકોર્ટમાંથી આવેલ ચુકાદા અંગે મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૬–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૪૫/૨૦૦૮–૦૯

## ***ફરીયાદની હકીકતઃ–***

શ્રી રમેશ કે. જાંગીડની તા.૭–૧૦–૦૮ ની અરજીથી જાહેર આરોગ્યના હિતાર્થે મહાનગરપાલિકાને હાઈકોર્ટમાંથી આવેલ ચુકાદા પહેલાં તાજેતરમાં કોર્પોરેશને ગેરકાયદે પાણીનો વેપાર કરતી સંસ્થાઓને મારેલ સીલ બાબત તેમજ હાઈકોર્ટમાંથી આવેલ ચુકાદા અંગે મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર ન મળતા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૨ તા.૨૮–૧૧–૦૮ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૪૧ તા.૩–૧૨–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જે અનુસાર "અરજદારની તા.૭–૧૦–૦૮ ની અરજીની ચકાસણી કરતાં સેન્ટ્રલ ઝોનના નાગરીક સુવિધાકેન્દ્ર પર મળેલ હોય તેવું જણાતું નથી. તેમજ અત્રેની કચેરીના દફતરે પણ અરજદારની અરજી નોંધાયેલ જણાયેલ નથી. સદર સંજોગોમાં અરજી અન્વયે કોઈ પ્રત્યુત્તર થયેલો જણાતો નથી." તેવી માહિતી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મળેલ છે. અરજદારને સદર બાબતે પાઠવેલ પત્રનો કોઈ પ્રત્યુત્તર અત્રેના વિભાગને મળેલ નથી. અરજદારની મુળ અરજી બાબતે તપાસ કરતાં ઉધનાઝોન ખાતેથી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૯–૧૨–૦૮ ના રોજ ડે.કમિશ્નર (હેઅનેહો) (આરોગ્ય) મુખ્ય કચેરી ખાતે તબદીલ કરવામાં આવેલ છે. જે ૬૮ દિવસના વિલબંથી અરજી તબદીલ થયેલ છે. જે આરટીઆઈ એકટની કલમ–૬(૩) સાથે સુસંગત નથી.

અરજદારે અપીલ અરજીમાં સબંધ કર્તા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન હોવાનું જણાવેલ તેમજ સાથે બીડલ અરજીની નકલમાં પણ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન જણાવેલ. જેમાં અરજી ફી ભર્યાની કોઈ વિગતો અરજદારે જણાવેલ ન હોઈ અત્રેના પત્ર નં.૮૫૨ તા.૬–૧૨–૦૮ થી અરજદાર પાસેથી પણ તે અંગેની ચોકકસ વિગતો માંગવામાં આવેલ જે અરજદારે પુરી પાડેલ નથી.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૭–૧૦–૦૮ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ માહિતી પૂરી પડાયેલ ન હોઈ માંગેલ માહિતી આરટીઆઈ કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (હે અને હો) (આરોગ્ય)મુખ્ય કચેરીને જણાવવાં આવે છે.

કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને સમય મર્યાદા જાળવવા જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય મુખ્ય કચેરી ) તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)........જાણ તથા અમલ માટે

(૨) શ્રી રમેશ કે. જાંગીડ,